ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૬ ટકા

# વાંચન માટે ખાનગી લાઈબ્રેરી તરફ વધતો ઝોક

## શહેરમાં ૧૫ જેટલી ખાનગી રીડીંગ લાઈબ્રેરીઓ વિકસી : સરકારી પરીક્ષાની એકાગ્રતા સાથે તૈયારીઓ કરતા ઉમેદવારો માટે પસંદગીનું સ્થળ

ગાંધીનગર, તા.૬

ભારત સરકારના સનદી અધિકારી તરીકે નિમણુંક પામવા માટે યુપીએસસીની પરીક્ષા પાસ કરવી જરુરી છે અને યુપીએસસીની તૈયારીઓ માટે દેશનું પાટનગર નવી દિલ્હી ઉમેદવારોની પસંદગીનું સ્થળ બન્યું છે તેજ રીતે ગુજરાત સરકારીમાં સરકારી અધિકારી બનવા માટેની જીપીએસસી પરીક્ષાઓ માટે રાજયનું પાટનગર ગાંધીનગર ઉમેદવારોની પસંદગીનું કેન્દ્ર બન્યું છે. અહીં રાજયભરમાંથી ઉમેદવારો જીપીએસસી અને યુપીએસસી સહિત વિવિધ સરકારી પરીક્ષાઓની તૈયારીઓ કરવા તથા તાલીમ મેળવવા આવે છે. આ ઉમેદવારોને તેમના કોચીંગ કલાસીસ ઉપરાંત સ્વવાંચન માટે શાંતિપૂર્ણ માહોલની જરૂરિયાત પડે છે જેના કારણે ગાંધીનગરમાં ખાનગી રીડીંગ લાઈબ્રેરીનો અભિગમ વિકસવા પામ્યો છે. હાલ શહેરમાં આશરે ૧૫ જેટલી ખાનગી રીડીંગ લાઈબ્રેરીઓ કાર્યરત છે.

આમ તો ગાંધીનગરમાં સેકટર-૧૭ અને સેકટર-૨૧માં સરકારી લાઈબ્રેરી પર વાંચન માટેની વ્યવસ્થા છે પરંતુ આ બંને જગ્યાએ વાંચવા આવતા વિદ્યાર્થીઓ તથા ઉમેદવારોનો ધસારો એટલો છે કે અહીં અનેક વાચકોને ખુરશી ટેબલ ના મળતા નીચે જમીન પર બસીને વાંચન કાર્ય કરવું પડે છે. વળી જેને ખુરશી મળી હોય તે લાંબા વાંચન બાદ જો ફ્રેશ થવા માટે કે ચા-નાસ્તો- જમવા માટે જાય તો તેની જગ્યા જતી રહે છે. ખાનગી રીડીંગ લાઈબ્રેરીમાં તેની કેપેસીટી મુજબ સભ્યો લેવામાં આવે છે અને એસી, અદ્યતન બેઠક વ્યવસ્થા, પર્સનલ કેબિન તથા શાંતિપૂર્ણ વાતાવરણ તે પણ વહેલી સવારથી મોડી રાત્રિ સુધી પુરું પાડવામાં આવે છે જેના કારણે એકાગ્રતાથી વાંચન કરવા માાંગતા ઉમેદવારો ખાનગી રીડીંગ લાઈબ્રેરી તરફ ઢળી રહ્યા છે. જો કે આ ખાનગી લાઈબ્રેરીમાં મહિને વ્યકિત દીઠ રૂ. ૧ હજારથી દોઢ હજાર જેટલી ફી લેવામાં આવે છે. જે ખર્ચવા સમક્ષ ઉમેદવારો તેનો લાભ ઉઠાવી શકે છે. વળી ખાનગી લાઈબ્રેરીમાં મિનરલ વૉટર, સ્વચ્છ સેનિટેશન, સીસીટીવી કેમેરાની દેખરેખ, વાઈ-ફાઈ ઈન્ટરનેટ, પુરતી લાઈટ-એર કન્ડિશન્ડની સુવિધા તથા રવિવાર કે અન્ય રજાના દિવસે પણ ચાલુ હોય તેવી સગવડ પુરી પાડવામાં આવતી હોવાથી ઉમેદવારોને નાણાં ખર્ચવા પોસાય છે. હાલ ગાંધીનગરમાં સેકટર-૬, સેકટર-૧૬, સેકટર-૧૧, સેકટર-૨૧, ઘ-૨ સર્કલ નજીક તથા રિલાયન્સ ચોકડી કુડાસણ ખાતે આ પ્રકારની ખાનગી રીડીંગ લાઈબ્રેરીઓ જોવા મળી રહી છે. ઘ-૨ સર્કલ પાસેની એક લાઈબ્રેરીમાં તો કલર કોડ મુજબ રીડીંગ વ્યવસ્થા કરવામાં આવી છે.

### ખાનગી રીડીંગ લાઈબ્રેરીમાં મળતી સુવિધાઓ

- એસી, લાઈટ તથા વાઈ-ફાઈ
- વ્યકિતગત આરામદાયક બેઠક વ્યવસ્થા
- પર્સનલ કેબિન સાથેનું ઈન્ફ્રાસ્ટ્રકચર
- મિનરલ વોટર તથા સ્વચ્છ સેનિટેશન
- શાંતિપૂર્ણ માહોલ
- વહેલી સવારથી મોડી રાત્રિ સુધી ચાલુ
- રવિવારે કે રજાના દિવસે ચાલુ





ખાનગી રીડીંગ લાઈબ્રેરીમાં સારું ઈન્ફ્રાસ્ટ્રકચર અને ડિસિપ્લિન જળવાય છે. આ માટે પહેલા અમદાવાદ જવું પડતું હતું. જો કે અહીં, અમદાવાદની જેમ હજુ ૨૪ કલાક ચાલતી લાઈબ્રેરીની સુવિધા નથી પરંતુ એકંદરે શાંતિથી એકાગ્રતા સાથે વાંચવા યોગ્ય માહોલ મળી રહે તેવી વ્યવસ્થા જરૂર ઉપલબ્ધ છે.

**- યશપાલસિંહ રાવ, સીએ ફાઈનલ સ્ટુડન્ટ**

●●●●●



સરકારી પરીક્ષાની તૈયારીઓ માટે ખાનગી લાઈબ્રેરી ઉત્તમ સ્થળ છે. જો કે અમદાવાદની જેમ ૮ કલાક, ૧૬ કલાક કે ૨૪ કલાક એમ ટાઈમ સ્લોટ મુજબ ચાર્જ લેવાય તો વધુ આવકારદાયક રહે. સરકારી લાઈબ્રેરીમાં સ્વચ્છતા અને ફર્નિચર બાબતે સુધારા કરવાની જરૂર લાગે છે.

**- જતિન ચૌધરી, જીપીએસસી કેન્ડિડેટ**

●●●●●



અલગ કેબિન મળતું હોવાથી એકાગ્રતા વધુ જળવાય છે જેને ખરેખર વાંચવું છે તે જ આવે છે તેથી શાંતિ જળવાય છે. હું સરકારી આવાસમાં રહું છું જયાં ઘરના સભ્યો, અડોશ-પડોશ તથા ટીવી-મોબાઈલના કારણે એકાગ્રતા કેળવવામાં ઘણીવાર તકલીફ પડે છે.

**- રિમ્પલ ખરાડી, ડીવાયએસઓ કેન્ડિડેટ**

●●●●●



અત્યાધુનિક અને આરામદાયક ફર્નિચર ઉપરાંત ફરજિયાત શાંતિપૂર્ણ માહોલ વિદ્યાર્થીની એકાગ્રતા વધારવામાં મદદરૂપ થાય છે. બહારગામથી આવીને પરીક્ષાની તૈયારીઓ કરતા ઉમેદવારો માટે આદર્શ પસંદગી છે વળી, રહેઠાણની નજીક હોવાથી સમયનો બચાવ થાય છે.

**- ચિંતન દેસાઈ, આઈબીપીએસ કેન્ડિડેટ**

## માસ્ટર એકવેટીક ચેમ્પીયનશીપમાં ગાંધીનગરનો શ્રેષ્ઠ દેખાવ



ગાંધીનગર, તા.૬

માસ્ટર એકવેટીક ફેડરેશન ઓફ ઈન્ડિયાના નેજા હઠળ ચોથી માસ્ટર એકવેટીક ચેમ્પીયનશીપ નાંદેડ મહારાષ્ટ્ર ખાતે તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ગાંધીનગર સચિવાલય જીમખાનાના સ્વીમરોએ જુદી જુદી ઈવેન્ટમાં ૬ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મળી કુલ ૧૨ મેડલ મેળવી ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે.

## સે-૨૪માં જરૂરિયાતમંદ વર્ગના બાળકોને બિસ્કીટ વિતરણ કરાયું

ગાંધીનગરના સેકટર-૨૪માં સરકારી પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને માનવસેવા શિક્ષણ સમિતિ દ્વારા બિસ્કીટ વિતરણ કરાયુંહતું. આ પ્રસંગે સમિતિના ટ્રસ્ટી શિવાભાઈ મિશ્રાએ બાળકોને સ્વરક્ષણ અને સામાજિક કાર્યકર્તા વિજયસિંહ માજીરાણાએ ભણતરથી ભવિષ્યને ઉજ્જવળ બનાવવા વિષયે બાળકોને માર્ગદર્શિત કર્યા હતા. આ કાર્યક્રમમાં સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય વિપુલભાઈ બારોટ ઉપરાંત સામાજિક કાર્યો સાથે સંકળાયેલા યોગેન્દ્રસિંહ ચાવડા, વિજયભાઈ ભીલ વગેરે સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

## વલાદ ગામે પરિણિતાએ અગ્નિસ્નાન કરી જીવન ટુંકાવ્યુ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓના આપઘાતના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે ત્યારે ગાંધીનગર તાલુકાના વલાદ ગામે બે સંતાનોની માતાએ રવિવારે સવારના સુમારે શરીરે કેરોસીન છાંટીને અગ્નિસ્નાન કરી જીવનલીલા સંકેલી લેતા સમગ્ર ગામમાં ચકચાર મચી જવા પામી હતી. પરિણિતાના પિયરપક્ષના સ્વજનોને ઘટનાની જાણ થતા તેઓ વલાદ દોડી આવ્યા હતા. તેણીના પિતાએ પતિ તથા સાસુ સામે શારિરીક-માનસિક ત્રાસ આપીને મરવા માટે મજબુર કર્યાની ફરિયાદ નોંધાવી છે. જેને પગલે પોલિસે ફરિયાદ લઈ વધુ તપાસ પી.એસ.આઈ. એલ.એસ. ચૌધરી ચલાવી રહ્યા છે.

ડભોડા પોલિસ મથકેથી મળતી વિગત અનુસાર દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના પારેવા ગામના વતની તાનસિંગભાઈ માનસિંગભાઈ હઠીલાની પુત્રી સુનીતાબેન તથા વલાદ ગામનો રહેવાસી જીગર ખોડાજી ઠાકોર ૫ વર્ષ અગાઉ એક જ કંપનીમાં સાથે કામ કરતા હતા અને આંખ મળી જતા પ્રેમ લગ્ન કરી લીધા હતા. સુનીતાબેન જીગરભાઈ સાથે સાસરી વલાદમાં રહેતા હતા અને બે સંતાનના માતા પણ બન્યા હતા. આ દરમિયાન રવિવારે સવારના સુમારે સુનિતાબેન ઘરે એકલા હતા ત્યારે શરીરે કેરોસીન છાંટીને કાંડી ચાંપી લેતા ગંભીર રીતે દાઝી ગયા હતા. અને મોતને ભેટયા હતા. ઘરમાંથી બુમો અને ધુમાડો આવતો જોઈ આસપાસના રહીશો દોડી આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં તો સુનિતાબેનનું મૃત્યુ નિપજયું હતું. વલાદ આઉટપોસ્ટની પોલીસને જાણ થતા ઘટના સ્થળે દોડી પહોંચી હતી અને સુનિતાબેનના પિયરજનોને જાણ કરી હતી. સુનિતાબેનના પિતા તાનસિંગભાઈ તેમજ પરિવારજનો દોડી આવ્યા હતા અને સુનિતાબેનને તેમના પતિ જીગર તથા સાસુ વીણાબેન દ્વારા શારિરીક-માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાને કારણે સુનિતાબેને આપઘાત કર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. તાનસિંગભાઈએ જીગર અને વીણાબેન સામે આપઘાત માટે દુષ્પ્રેરણની ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. એલ.એસ. ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગરથી અંબાસણ અન્નપૂર્ણા મંદિર સુધી પદયાત્રા પહેલી ડીસેમ્બરે

### સતત ૩૩મા વર્ષે અન્નપૂર્ણા માતાજી પદયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૬

શ્રી અન્નપૂર્ણા માતાજીના વ્રત દરમિયાન ગાંધીનગરથી અંબાસણ ગામે શ્રી અન્નપૂર્ણા માતાજીના મંદિર સુધી સતત ૩૩મા વર્ષે પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૧લી ડિસેમ્બરના રોજ સવારે ૬ કલાકે પ્લોટ નં. ૫૬૦/૩, આંગન ફલેટ, લગ્નવાડી સામે, સે-૨૩ ખાતેથી પદયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવશે.

આ પદયાત્રા સંઘમાં જોડાવવા ઈચ્છતા પદયાત્રીઓને પોતાના નામ તા. ૧૭મી નવેમ્બર સુધીમાં નોંધાવવા જણાવાયું છે. નામ નોંધાવવા માટે દિપક જાની-૯૮૯૮૦૩૦૬૫૨, દિનેશભાઈ ત્રિવેદી-૯૮૭૯૧૮૧૧૨૯, ઋષિભાઈ જાની-૯૯૨૫૭૮૯૫૨૭, કેતન જાની-૮૯૮૦૦૦૦૫૨૬ તથા જીજ્ઞેશ જાની-૯૫૩૭૧૩૦૬૫૨નો સંપર્ક સાધવા જણાવાયું છે.

## ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ વણકર સમાજ દ્વારા દ્વિતિય પસંદગી મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૬

શ્રી ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ (પાંચ ગોળ) વણકર સમાજ ગાંધીનગર દ્વારા 'દ્વિતિય પસંદગી મેળા'નું આગામી તા. ૨૪-૧૨-૧૭ને રવિવારના રોજ સવારે ૨ થી ૬ કલાકના સમયગાળા દરમિયાન ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન સે-૧૨, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. તો ગોળ-પરગણાના બાદ સિવાય રાજયના તમામ વણકર સમાજના ભાઈઓ ભાગ લઈ શકે છે. આ પસંદગી મેળાના ફોર્મ મેળવવા માટે મો. ૯૮૯૮૬ ૩૦૫૫૬ પર સંપર્ક કરવા સંસ્થાના મહામંત્રીએ અનુરોધ કર્યો છે.

## એલસીબીએ પેથાપુરમાંથી બાઈક ચોર ઝડપ્યો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં વાહનચોરી અને અન્ય ગુના ન બને તે માટે તકેદારી રાખવા જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી.પુરોહિતને જરુરી ચેંકીગ અને પેટ્રોલીંગ સઘન બનાવવા સુચના આપી હતી. જેને પગલે એલસીબી પીઆઈએ સુચન કરતા ટીમના જવાનો પેથાપુર પોલીસ મથક વિસ્તારમાં રાત્રી ના સમયે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે પેથાપુર ચોકડી પર પાર્લર પર એક યુવાન શંકાસ્પદ બાઈક લઈને ઉભો છે. એલસીબી પોલીસે તેને પકડી બાઈક અંગેના પુરાવા માંગતા અને ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તે યુવાને બાઈક ચોરી કરી હોવાનું જણાવ્યું હતું એલસીબી પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો તરફથી મળતી માહિતી મુજબ ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ વી.એમ. ઝાલા હે.કો. દિલીપસિંહ, કિરીટકુમાર, મહીપાલસિંહ, પો.કો. જીજ્ઞેશકુમાર, દિગ્વિજયસિંહ સહિતના જવાનો રાત્રી દરમિયાન પેથાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો.કો.ર જીજ્ઞેશકુમાર અને દિગ્વિજયસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે પેથાપુર ચાર રસ્તા પાર્લર પાસેથી દિપકસિંહ સુરેશસિંહ ડાભી રહે.મોટીશેરી પેથાપુર તા.જી. ગાંધીનગરને બાઈક સાથે પકડી પાડેલ અને બાઈકની નંબર પ્લેટ પર ચેકાચેક કરી હતી. જેને પગલે પોલીસે ઉંડાણપૂર્વક યુવાનની પુછપરછ કરતા આ બાઈક તેણે એકાદ માસ અગાઉ વિરાટ કોમ્પ્લેક્ષના પાર્કીંગમાંથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. જે અંગે એલસીબી પોલીસે તપાસ કરતા પેથાપુર પોલીસ મથકે ગુનોં નોંધાયેલ હોવાથી આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આ યુવાન અગાઉ પણ બાઈક ચોરીના ગુનામાં પકડાયેલ છે.



## ગાંધીનગરમાં ચેસ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં અન્ડર-૧૫ અને ઓપન કેટેગરી માટે ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચેસ ટુર્નામેન્ટ તા. ૧૧મી નવેમ્બરે શનિવારે જુના સચિવાલય કેન્ટિન ખાતે યોજાશે. આ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે આયોજક હર્ષદ ઈશ્વરભાઈ કાપડીયાનો સે-૪-એમાં પ્લોટ નં. ૧૫૧/૨ ખાતે અથવા મો.નં. ૯૬૩૮૧૫૨૦૬૯ પર અથવા શ્વેતલભાઈ પાઠકનો મો.નં. ૯૦૯૯૦૭૫૨૦૧ પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના પૂર્વ પ્રમુખ એસ.બી. ગોસ્વામીનું નિધન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના પૂર્વ પ્રમુખ શ્રી એસ.બી. ગોસ્વામીનું દુ:ખદ અવસાન થયું છે. સદગતની અંતિમયાત્રામાં વરિષ્ઠ નાગરિકો અને વિવિધ મંડળોના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.



શ્રી એસ.બી. ગોસ્વામી સેકટર-૧૬ માધ્યમિક શાળાના આચાર્ય તરીકે ફરજ બજાવી ચુકયા હતા. આ ઉપરાંત યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગમાં લાંબા સમય સુધી રાજય યુવક બોર્ડ અધિકારી તરીકે એમની સેવા નોંધનીય રહી હતી.

સંવેદનશીલ વ્યકિતત્વ ધરાવતા શ્રી એસ.બી. ગોસ્વામી જીવનના અંતિમકાળ સુધી શહેરમાં સાયકલ પર જ અવરજવર કરતા હતા. શિસ્તના ખુબ જ આગ્રહી શ્રી ગોસ્વામીનું વાંચન પણ વિશાળ હતું. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલમાં વર્ષો સુધી સેવાકીય પ્રકલ્પોમાં અગ્રેસર રહેતા હતા. સેકટર-૭-ડી નિવૃત્ત અધિકારી મંડળ તથા પેન્શનર સમાજના કાર્યક્રમોમાં પણ તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. સદગતના અવસાનથી ત્રણ દિકરા અને ત્રણ દિકરીઓના પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

### ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૨૧, પ્લોટ નં. ૭૩૩ ખાતે રહેતા માયા કુંવરબા બલવંતસિંહ ઝાલા, ઉ.વ. ૮૮નું દુ:ખદ અવસાન ગત તા. ૫-૧૧-૧૭ના રોજ થયેલ છે. તેમના કુટુંબીજન વિરેન્દ્રસિંહ ઝાલાની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. આ કાર્યમાં તબિબિ સેવા ડૉ. સૌરભ અને ડૉ. મુસ્તુફા તેમજ જુસીકાના કાર્યકર ગણપતભાઈ મકવાણાએ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવા સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (અમદાવાદ-સિવિલ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય સન્ની વાઘેલાએ કર્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. માયાકુંવરબા બળવંતસિંહ ઝાલા, ઉ.વ. ૮૮
- સ્વ. શિવલાલધર દેવધર ગોસ્વામી, ઉ.વ. ૮૫
- સ્વ. માણેકબેન નાથાભાઈ સોલંકી, ઉ.વ. ૭૩
- સ્વ. દિપકભાઈ મણીભાઈ ચૌહાણ, ઉ.વ. ૪૪

## સે-૨૪માં બગીચા પાસે બંધ સ્ટ્રીટ લાઈટોથી અંધકારનું સામ્રાજય

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૨૪માં આર્યસમાજ ભવનથી હોલસેલ શાકમાર્કેટ થઈને સેકટર-૨૫ તરફ જતા માર્ગે હારબંધ સ્ટ્રીટલાઈટો બંધ હોવાને કારણે રહીશોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. વળી, સેકટર-૨૪માં ડબલ ડેકર આવાસોમાં ઘણી બધી સ્ટ્રીટલાઈટો લબૂક-ઝબૂક થઈ રહી હોવાને કારણે પણ આ વિસ્તારના રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યા છે.

શહેરમાં વારંવાર સ્ટ્રીટ લાઈટો બંધ હોવાની ફરિયાદો ઉઠી રહી છે, એમાં પણ જયારથી એલઈડી લાઈટો સ્ટ્રીટ લાઈટમાં લગાડાઈ છે ત્યારથી આ સમસ્યા ખૂબ વધી જવા પામી છે. જેના કારણે સ્ટ્રીટલાઈટોની ગુણવત્તા બાબતે પણ શંકા-કુશંકાઓ થવા પામી છે. સેકટર-૨૪માં રીટેલ શાકમાર્કેટ પાસેના ચાર રસ્તાથી કબીર આશ્રમ થઈને ખ-રોડ તરફ જતા માર્ગ પર હારબંધ વીજપોલની સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં છે આ કારણે રાત્રિના સમયે આ માર્ગ પર અવરજવર કરવી જોખમી બની છે અને અસામાજિક તત્ત્વોને જાહેર બગીચા સહીતના વિસ્તારમાં મોકળુ મેદાન પ્રાપ્ત થઈ રહ્યું છે. મોડી સાંજ સુધી ચાલતા રીટેલ શાકમાર્કેટમાંથી પરત ફરતી ગૃહિણીઓ માટે પણ આ માર્ગ જોખમી બન્યો છે જયારે વાહનચાલકોને પણ સાવધાની રાખવી પડી રહી છે. આ ઉપરાંત સેકટર-૨૪માં ડબલ ડેકર વિસ્તારમાં અનેક સ્ટ્રીટલાઈટો ચાલુ બંધ થઈ રહી છે જેના કારણે રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યા હોવાથી અસંતોષ ફેલાઈ રહ્યો છે. સત્વરે આ સ્ટ્રીટલાઈટો રીપેર કરાય તેવી આ વિસ્તારની જનતામાં માંગ ઉઠવા પામી છે.

## ખેલ મહાકુંભની ફૂટબોલ સ્પર્ધામાં અમદાવાદ શહેરનો ડંકો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં ખેલમહાકુંભ-૨૦૧૭ અંતર્ગત યોજાયેલી ફૂટબોલ સ્પર્ધાનું આજે સમાપન થયુ હતુ. જેમાં ૨૫૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાની વિવિધ કેટેગરીમાં અમદાવાદ શહેરી ટીમોએ મેદાન માર્યુ હતુ.

ખેલ મહાકુંભની રાજ્યકક્ષાની ફૂટબોલ સ્પર્ધામાં ઓપન એજ ગ્રૂપમાં અમદાવાદ શહેર ટીમ વિજેતા તથા વડોદરા શહેરટીમ રનર્સઅપ બની હતી, અન્ડર-૧૭ કેટેગરીમાં અમદાવાદ શહેર પસંદગી ટીમ વિજેતા અને અમદાવાદ શહેર વિજેતા ટીમ રનર્સઅપ રહી હતી. જ્યારે અન્ડર-૧૪ કેટેગરીમાં અમદાવાદ શહેર ટીમ વિજેતા અને અમદાવાદ ગ્રામ્ય ટીમ રનર્સઅપ બની હતી.



આ સ્પર્ધા સાઈ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ અને સરકારી કોલેજ સે. ૧૫ના મેદાનો પર યોજવામાં આવી હતી. સ્પર્ધાના અંતે ખેલાડીઓને સાઈના ઈન્ચાર્જ રિજિયોનલ ડાયરેકટર વિરસિંહ ચૌહાણ, ગુજરાત ફૂટબોલ એસોસિએશનના સેક્રેટરી ગુલાબ ચૌહાણ તથા જિલ્લા રમતગમત અધિકારી વી.બી. દત્તાના હસ્તે મેડલ્સ તથા પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રાંત યુવા વિકાસ અધિકારી રાકેશ ચૌધરીએ ગુજરાત રાજ્ય વ્યાયામ મંડળના મહામંત્રી આર.કે. ચૌધરીની મદદથી સંભાળ્યુ હતુ.